અપીલ અરજી નં.૧૩૩ તા.૧૩–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અરવિંદભાઈ લલ્લુભાઈ ઘાએલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરવિંદભાઈ લલ્લુભાઈ ઘાએલની તા.૨૦–૫–૧૦ ની અરજીથી અડાજણના રેવન્યુ સર્વે નંબર ૨૪૭ ના બ્લોક નંબર ના પ્લોટ નંબરોઃ૨,૩,૪,–એ તથા ૪–બી ના હાલમાં આપના રેકર્ડ પર કોના નામ પર છે? તેમજ આ પહેલા કોના નામ પર હતા? અને હાલના નામો કયા આધારે ચડાવવામાં આવેલ છે? જે દસ્તાવેજના આધારે નામો ચડાવવામાં આવ્યા હોય તે દસ્તાવેજની નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૩/૨૦૧૦–૧૧

શ્રી અરવિંદભાઈ લલ્લુભાઈ ઘાએલની તા.૨૦–૫–૧૦ ની અરજીથી અડાજણના રેવન્યુ સર્વે નંબર ૨૪૭ ના બ્લોક નંબર ના પ્લોટ નંબરોઃ૨,૩,૪,–એ તથા ૪–બી ના હાલમાં આપના રેકર્ડ પર કોના નામ પર છે? તેમજ આ પહેલા કોના નામ પર હતા? અને હાલના નામો કયા આધારે ચડાવવામાં આવેલ છે? જે દસ્તાવેજના આધારે નામો ચડાવવામાં આવ્યા હોય તે દસ્તાવેજની નકલોની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ. ૧૯૦ તા.૩૦–૬–૧૦થી આપેલ માહિતી જવાબ ઉડાઉ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૯ તા.૨૬–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ માહિતી અંગે રેવન્યુ સર્વે સિવાય સોસાયટી,વિસ્તાર, બ્લોક નંબર, ફલેટ કે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ અન્ય મિલ્કતનું વર્ણન દર્શાવતી માહિતી દસ્તાવેજ અગર કબજા સબબના આધાર પુરાવા મિલ્કતની ઓળખ નિશ્ચિત કરવા રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ વિગતે માહિતી મેળવવા મિલ્કતની ઓળખ દર્શાવતી ચોકકસ વિગતો પૂરી પાડી માહિતી મેળવવા પ્રયાસ કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઈ/૨૬૧ તા.૧૧–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, આરટીઆઈ નં.૧૫૭ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૯૦ તા.૩૦–૬–૧૦ ના પત્રની નકલ, ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) સર્વે નં.૨૪૭ ફાયનલ સ્કીમ રીડીસ્ટીબ્યુશન એન્ડ વેલ્યુએશન સ્ટેટમેન્ટના ફોર્મ એફની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમના તા.૩–૮–૧૦ ના પત્રથી સદર પત્ર સંદર્ભે સોસા.નો વિસ્તાર બ્લોક નંબર અને મિલ્કતનું વર્ણન વિગેરે આપવા જણાવેલ છે જે અરજદારે તેમની પાસે નથી. વધુમાં અરજદારે સર્વે નંબર પર સોસા. બનાવવાની પ્લાન મંજુર વિગેરે આપની કચેરીમાં થાય છે તેની માહિતી આપની કચેરીમાંથી મળી શકે તેમજ જો કોઈ બીજી કચેરીમાં મળતી હોય તો અરજી તબદીલ કરી તેની જાણ કરવાની હોય છે તેવું જણાવેલ છે. પરંતુ તે માહિતી શોધવા માટે અરજદારે સોસા.નું નામ, વિસ્તાર કે સોસા.ના માલિકની વિગતો કે આજુ બાજુનું કોઈ લોકેશન કે સ્થળનું વર્ણન કરેલ નથી આમ અરજદારની માહિતી સંદિગ્ધ માહિતી માંગવામાં આવેલ છે.

અરજદારની તા.૨૦–૫–૧૦ ની અરજીથી અડાજણના રેવન્યુ સર્વે નંબર ૨૪૭ ના બ્લોક નંબર ના પ્લોટ નંબરોઃ૨,૩,૪,–એ તથા ૪–બી ના હાલમાં આપના રેકર્ડ પર કોના નામ પર છે? તેમજ આ પહેલા કોના નામ પર હતા? અને હાલના નામો કયા આધારે ચડાવવામાં આવેલ છે? જે દસ્તાવેજના આધારે નામો ચડાવવામાં આવ્યા હોય તે દસ્તાવેજની નકલોની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૯૦ તા.૩૦–૬–૧૦ થી '' આઈ ડી નં.૮૦ તા.૨૦–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતીની વિગત અધૂરી હોય તેની પૂર્તતા કરવાનો પત્ર આઈ ડી નં.૧૫૭ તા.૧૪–૬–૧૦ થી પાઠવવામાં આવેલ. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં અડાજણ સર્વે નં.૨૪૭ બ્લોક નં.૨ પ્લોટ નં.૨,૩,૪એ અને બી ના પહેલા માલિકોના નામ તે બદલે હાલના માલિકોમાં નામ જે દસ્તાવેજી પુરાવાઓને આધારે દાખલ થયા તેની નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને અરજદારને કોમ્પ્યુટર ઉપર ટેનામેન્ટથી માહિતી ઉપલબ્ધ થાય છે આથી પ્લોટોના ચોકકસ ટેનામેન્ટ નંબર પ્લોટ નંબર સોસા.નું નામ, સરનામા અને સંપૂર્ણ વિગત આપવા જણાવવામાં આવેલ. જેની માંગ્યા મુજબની માહિતી આપી શકાય. જેના અનુસંધાનમાં અરજદાર તરફથી તા.૨૨–૬–૧૦ ના પત્રથી પ્લોટના દસ્તાવેજ અમારા નામના હોય અમે જણાવેલ છે. જેથી આ કામે અમારા નામથી કોઈએ સહીઓ કરી દસ્તાવેજ કરી જણાતું હોય આ કામે ફોજદારી ફરીયાદ કરવાની હોય આ હકીકત માંગેલ છે આ સિવાય બીજી કોઈ હકીકત ઉપલબ્ધ નથી. જે કઈ ચોકકસ ટેના નંબર સોસા.નું નામ સરનામું તે તમામ તમારી કચેરીમાંથી મળી શકે તેમ હોવાથી આ હકીકત માંગેલ છે. હાલમાં અમારે અમારો પ્લોટ શોધવો પણ મુશ્કેલ છે તો અમારે આ હકીકત કઈ રીતે શોધવી. તેવું જણાવી કોઈ વધારાની માહિતી આપવામાં આવેલ નથી આ ઉપરાંત તા.૨૫–૬–૧૦ ના રોજ મોબાઈલથી પણ સંપર્ક કરી આપે જણાવેલ પ્લોટોની સોસા. અને સરનામાની વિગતો માંગેલ જેના પ્રત્યુત્તરમાં પણ આપે અરજીમાં

દર્શાવ્યા સિવાય અન્ય કોઈ માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. આથી રેકર્ડ શોધવા માટે સંપૂર્ણ માહિતી મળેલ ન હોય જાહેર માહિતી અધિકારી તરફથી અરજી દફતરે કરવામાં આવે છે. જેના સંદર્ભે અરજદારે માંગેલી હકીકતનો ઉડાઉ જવાબ આપેલ હોય તેવું જણાવી તા.૧૩–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ અને તેનો જવાબ સમય મર્યાદામાં આપવા રજુઆત કરેલ છે. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૪–૬–૧૦ ના પત્રથી કોમ્પ્યુટર પર ટેના. નંબરથી માહિતી ઉપલબ્ધ થાય છે આથી પ્લોટોનો નંબર અને ચોકકસ ટેનામેન્ટ નંબર, સોસા.નું નામ સરનામું સંપૂર્ણ વિગત રજૂ કરવા પત્રપાઠવવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં તા.૨૨–૬–૧૦ થી કોઈ વધારાની માહિતી પૂરી પાડેલ નથી. ત્યાર બાદ તા.૨૫–૬–૧૦ ના રોજ મોબાઈલ પર સંપર્ક કરવા છતાં પણ અરજદારે તેવી માહિતી પૂરી પાડેલ નથી. આમ અરજદારે તા.૨૨–૬–૧૦ ની આપેલી વિગતોમાં પ્લોટનો દસ્તાવેજ તેમના નામનો હોય અને વધુમાં તેઓના દસ્તાવેજ ઉપર તેમના નામની સહીઓ હોવાનું પણ જણાવેલ છે આમ અરજદારના પોતાના જ પ્લોટો હોય તો તેનું નામ અરને સરનામું જાણતા હોવાનું અનુમાનિત છે. જાહેર માહિતી અધિકારીએ સ્થળ માંગેલી માહિતી સંદિગ્ધ હોય ચોકકસ લોકેશન ચોકકસ પ્લોટ નંબર અને સોસા.નું લોકેશન અને સ્થળની વિગતો સ્પષ્ટ કર્યેથી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી તેવી માહિતી નહીં પૂરી પાડવાથી અરજી દફતરે કર્યાની જાણ પણ અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૯૦ તા.૩૦–૬–૧૦ થી કરવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર પાઠવી તથા ટેલીફોનીક સંપર્ક કરી વિગતો માંગવા છતાં વિગતો પૂરી પાડેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવાના પ્રયાસ કરવામાં આવેલ છે પરંતુ અરજદાર તરફથી સંદિગ્ધ માહિતી બાબતે વિગતો નહીં પૂરી પાડવાના કારણે અરજી દફતરે કરેલ છે. જે કાયદા સાથે સુસંગત છે. ત્યાર બાદ અપીલ તબકકે પણ અરજદારને આરટીઆઈ સેલ/૫૧૯ તા.૨૬–૭–૧૦ થી પત્ર પાઠવી વધુ એક તક આપવા છતાં પણ અરજદારે તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ અરજી દફતરે કરેલ હોય અરજદારે સંપૂર્ણ વિગત સાથે પુનઃ અરજી કરી માહિતી મેળવવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૦–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર તરફથી સંદિગ્ધ માહિતીની વિગતો પૂરી પાડેલ ન હોય અરજી દફતરે કરવામાં આવેલ હોય નિર્ણય આરટીઆઈ કાયદા સાથે સુસંગત હોય અરજદારે સ્પષ્ટ વિગતો સહિત માહિતી મેળવવા ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને અરજી કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૮–૧૦

ડે.કમિશનર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) ... ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી અરવિંદભાઈ લલ્લુભાઈ ઘાએલ,